| GJVD021011362024 | ફોજદારી કેસ નં. ૮૮૭૮૫/૨૦૨૪ |
| --- | --- |

// **<u>આંક ૦૧ હેઠળ હુકમ</u>** //

**૧.** ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ પ્રોહિબીશન એકટની કલમ – ૬૬ (૧)(બી), ૮૫ તથા બી.એન.એસ. કલમ–૩૫૫ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે. મજકુર કામે આજરોજ આરોપીએ હાજર થઇ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે, પોતે ગરીબ વર્ગનો છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે કાયદા પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઇ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનુ નિવેદન લેતા તેની કબુલાત સ્વૈચ્છીક હોવાનુ જણાય છે કોઇએ તેને કોઇ લાલચ કે પ્રલોભન આપેલ નથી ગુનાની સજાની જોગવાઇ બાબતે તેને માહિતગાર કરવામાં આવેલ છે છતા પોતે સ્વૈચ્છીક કબુલાત કરતો હોઇ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થીક સ્થિતિ અને સંજોગોમાં ગુનો બનવા પામેલ છે. તે તમામ હકીકતને નિગાહે લેતા આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કીસ્સો જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો **નટવર હરચંદ વિ. સ્ટેટનો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫ પેજ નં. ૭૯૯** ઉપર પ્રકાશીત થયેલ છે તે ધ્યાને લેતા આરોપીને આવા કીસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોઇ આરોપીની કબુલાતને ધ્યાને લેતા આરોપીને સીઆર.પી.સી. કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**<u>હુકમ</u>**

**(૧)** આ કામના આરોપી **શિશપાલસિંગ કેદારસિંગ બિસ્ટને** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૪ અન્વયે પ્રોહિબીશન એકટની કલમ – ૬૬ (૧)(બી), ૮૫ તથા બી.એન.એસ. કલમ–૩૫૫ મુજબ સજાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવી આરોપીને **રૂ.૨૦૦/– (અંકે રુપીયા બસ્સો પુરા)** નો દંડ તથા <u>કોર્ટ ઉઠતા સુધીની (ટી.આર.સી.) સજા</u> કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો દિન–૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સદર કામે કબજે કરાયેલ કિંમતી મુદ્દામાલ પરત્વે જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો સદર હુકમને કાયમી કરવામાં આવે છે અન્યથા જો તેવો વચગાળાનો હુકમ થયેલ ના હોય તો મુદ્દામાલની ખરા હકકદારની ખરાઈ કરી પરત સોપવો.

**(૩)** પ્રોહીબીશન તેમજ બિનકિંમતી મુદ્દામાલનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તારીખ–૦૮ મી, માહે–માર્ચ, સને–૨૦૨૫** ના રોજની લોક અદાલતની સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૮/૦૩/૨૦૨૫.
સ્થળ : વડોદરા.

(કાજલ રાજેશ ચાંદ)
૧૭ માં, જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, વડોદરા.
જી.જે. ૦૧૭૬૭

**રસીદ નં.** ........................,
**દંડ રૂ.** ........................, નાઝર